ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરમાં ગીફટ હેમ્પર્સ ખરીદવાનો ટ્રેન્ડ

## દિવાળીમાં રૂબરૂ મળવાનું ન હોવાથી શુભેચ્છા પેટે ગીફટ હેમ્પર્સ મોકલવાનો શહેરીજનોમાં ક્રેઝ : ડ્રાયફ્રુટસ મીઠાઈનું ચલણ વધુ

ગાંધીનગર, તા.૧૧

દિવાળીના તહેવારને વધાવવા માટે શહેરીજનો તત્પર છે. શહેરના તમામ સ્વીટમાર્ટમાં સ્વીટ અને નમકીનનું વેચાણ શરૂ થઈ ગયું છે. ભાત-ભાતના નમકીન નવીન પ્રકારના સ્વીટસથી દુકાનો રંગીન લાગી રહી છે અને આ જોતા જ દિવાળીનો માહોલ બન્યો છે તેમ વર્તાઈ રહ્યું છે. શહેરીજનોએ દિવાળીની તૈયારી શરૂ કરી દીધી છે તેમાંય અગિયારસથી તમામ સ્વીટ અને નમકીનની ખરીદી કરવા માટે તમામ તત્પર બન્યા છે. ઘરે ઘરે વિવિધ પકવાન અને મીઠાઈની ચર્ચા થઈ રહી છે ત્યારે શહેરના મીઠાઈના વેપારીઓ પણ તમામ નવી મીઠાઈ અને નમકીનના વેચાણ માટે સજ્જ છે. ખાસ કેન્ડલ શેપ્ડ મીઠાઈ, માવા, કાજુ હલવાની વિવિધ મીઠાઈ સાથે શુગર ફ્રી મીઠાઈનું વેચાણ થઈ રહ્યું છે અને શુગર ફ્રી મીઠાઈનો હાલ ક્રેઝ પણ છે તે સાથે ખાસ ગીફટ હેમ્પર્સ ખરીદવા માટે શહેરીજનો તત્પર બન્યા છે.

આ વર્ષે એકબીજાના ઘર પરિવારને રૂબરૂ મળવા જઈ શકવાનું નથી. કોરોનાને કારણે વર્ચ્યુઅલ ગેધરીંગ જ યોજાવવાનું છે ત્યારે દરેક શહેરીજનો શુભેચ્છા પાઠવવા અર્થે વિવિધ પ્રકારના મીઠાઈ કે ચોકલેટના બોકસ પોતાના શુભેચ્છકોને મોકલવા માટે ખરીદી રહ્યા છે. જેમાં ખાસ વુડન બોકસના મીઠાઈ હેમ્પર હાલ ટ્રેન્ડમાં છે. શહેરના ચરોતર સ્વીટસના મેહુલભાઈના જણાવ્યા અનુસાર શહેરીજનો ખાસ વુડન બાઈટ બોકસ પર પસંદગી ઉતારી રહ્યા છે જે લાઈટ વેઈટ છે અને પ્રોફેશનલ લુક આપે છે. આ ઉપરાંત મીનાકારી વર્કનું ડ્રાયફ્રુટ બોકસ પણ હાલ ચલણમાં છે. આ તમામ પ્રકારના ગીફટ હેમ્પર ૨૬૦ રૂપિયાથી ૨૦૦૦ રૂપિયા સુધીના છે આ ઉપરાંત અમારે ત્યાંથી ખરીદી કરનારને અમે પંચાગ અને કેલેન્ડર ગીફટમાં આપીએ છીએ. રાધે સ્વિટસના વિપુલભાઈના જણાવ્યા અનુસાર આવતા જતા તમામ સેનિટાઈઝેશન કરીને આવે તેનું ધ્યાન રખાય છે એન્ટ્રી એકઝીટ ગેટ રાખવામાં આવ્યા છે આ વખતે દસ પ્રકારની શુગર ફ્રી મીઠાઈ અવેલેબલ છે એ સિવાય અનેક પ્રકારની સ્વિટસ અને નમકીન તો છે જ.





આ વર્ષે અલગ અલગ પ્રકારની મીઠાઈ અને ગીફટ હેમ્પર્સ શહેરમાં દેખા દઈ રહ્યા છે જેમાં ડ્રાયફ્રુટ અને કાજુ સ્વિટસમાં કાજુકતરી, કેસર/અંજીર કતરી, કાજુ એપલ, કાજુ કેસર બની, ડ્રાયફ્રુટ પીત્ઝા, કાજુ કલી, પીસ્તા મલાઈ કતરી, બ્લેક ફોરેસ્ટ રોલ, અંજીર કેટ, રોઝ આલ્મંડ, પીસ્તા મોહીની, હની કાજુ ફ્રુટ બાસ્કેટ ખાસ ચલણમાં છે. માવાની મીઠાઈમાં અંજીર હલવો, કલાકંદ, ટોપરાપાક, સેફરોન પ્લાઝા, ચીકુ હલવો, મીલ્ક કેક ચલણમાં છે. જેનો ભાવ ૫૦૦ રૂપિયાથી ૭૦૦ રૂપિયા કિલો સુધીનો છે. વિવિધ પ્રકારના પેંડા ઉપરાંત ઓલટાઈમ ફેવરિટ ઘૂઘરા, ઘારી, હલવાસન તો ખરા જ. આ ઉપરાંત અલગ અલગ ટેસ્ટમાં બાઈટસ અને શુગર ફ્રી સ્વિટસ જેવી કે શુગર ફ્રી નટીખટી, ખજુર રોલ કટ, ડ્રાયફ્રુટ હની બાઈટસ, રોસ્ટેડ આલ્મંડ રોચર, બ્લૂબેરી બાઈટસ સાથે અનેક વેરાઈટી શહેરના બજારમાં ઉપલબ્ધ છે.



ટીસીએસના કર્મચારીઓએ દિવાળીના અવસરે શ્રમિક પરિવારોને ફટાકડા, મિઠાઈ, બિસ્કીટ અને બ્લેન્કેટનું વિતરણ કરી દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી. છેલ્લા કેટલાય વર્ષોથી ટીસીએસના કર્મચારીઓ દ્વારા આ સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે.

## આજે વાઘબારસ : ગાયની પૂજા કરવાનું મહત્વ

ગાંધીનગર, તા.૧૧

રમા એકાદશી પછી વાઘબારસ આવે છે. જેને આમ તો વાક્બારસ કહેવાય છે. વાક્ એટલે સરસ્વતી પણ અહીં વાક્ શબ્દમાં લક્ષ્મી, સરસ્વતી, કાલી આ ત્રણેય દેવી બાળ સ્વરૂપે હતી તેથી તેને બાલા ત્રિપુટ સુંદરી તરીકે ઓળખાય છે. બાલા એટલે બળ આપનારી મા. હિંદુ શાસ્ત્રમાં દસ મહાવિદ્યાનું વર્ણન છે. બે કૂળ છે કાલી કૂળ અને શ્રી કૂળ. જેમાં ત્રિપુટ સુંદરી એ શ્રીકૂળ છે અને એ ત્રીજી મહાવિદ્યા છે. ત્રિપુટ એટલે ત્રણ ગુણ. સત્ય, રજસ અને તમસ. માતાની સાથે રહેનારા મહાદેવ ત્રિપુરારી તરીકે ઓળખાય છે. બળ, શકિત અને સૌંદર્ય સાથે વિદ્યા આ માતાની ઉપાસના કરવાથી પ્રાપ્ત થઈ શકે છે. વાઘબારસના દિવસે ત્રિપુટ સુંદરીની સાધના કરવાથી સિધ્ધી પ્રાપ્ત કરી શકાય છે.

વાઘબારસ ગોવત્સ દ્વાદશી નામ નામથી પણ ઓળખાય છે. આ દિવસે વાછરડાની પૂજા કરવાનું વિધાન છે. આ પૂજા કર્યા પછી ઘઉંથી બનાવેલ પદાર્થ, દૂધ, દહીંનું સેવન ન કરવું જોઈએ તેમ મનાય છે. જે સ્ત્રીને લગ્નના અમુક વર્ષો સુધી સંતાન ન થયા હોય તે વાછરડાની પૂજા કરે તો તેને સંતાન સુખની પ્રાપ્તિ થાય છે. બ્રાહ્મણોને દાન આપવાનું પણ આ દિવસે મહત્વ છે.

# શહેરમાં મિઠાઈના વેપારીઓ દ્વારા ગેરકાયદેસર દબાણ કરીને તાણેલા તંબુ

## નાના લારી-ગલ્લાં કે પાથરણાંવાળા પર છાશવારે તુટી પડતાં દબાણ તંત્રની ચુપકિદીમાં મિલીભગતની બૂ આવે છે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં દિવાળી પર્વ નિમિત્તે મિઠાઈનું વેચાણ કરતાં વિક્રેતાઓ દ્વારા પોતાની દુકાનો-સ્વીટમાર્ટ આગળ મંડપ-પંડાલ બાંધીને તહેવારોની સીઝનમાં વધુને વધુ ગ્રાહકો અંકે કરવા ઉપરાંત ગ્રાહકોના ધસારાને પહોંચી વળવા આયોજનો કરવામાં આવે છે. જો કે આ વિક્રેતાઓ દ્વારા પોતાના મંડપ-પંડાલ બાંધવામાં ફુટપાથ કે પાર્કિંગ વગેરે જેવી સામાન્ય મુલાકાતીઓની અવરજવરની જાહેર જગ્યાને પણ આવરી લઈ ગેરકાયદેસર રીતે હંગામી દબાણો ઉભા કરી દેવામાં આવ્યા છે. શહેરમાં આ પ્રકારના દબાણો સામે વહીવટીતંત્રના આંખ મિચામણાં પણ શંકા ઉપજાવે તેવા જણાઈ રહ્યા છે.

શહેરમાં વહીવટી તંત્ર જાણે માલેતુજાર વેપારીઓને ગોળ અને રોજે રોજ કમાઈને ખાતા નાના ગલ્લાવાળા કે ફેરિયાને ખોળની નીતિ અપનાવતું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. જેનું કારણ દિવાળી સીઝનમાં રોકડી કરવા શહેરના મિઠાઈના વેપારીઓ દ્વારા કરવામાં આવેલા ગેરકાયેદસર હંગામી દબાણો છે. આ વિક્રેતાઓ દ્વારા પોતાના વેપાર માટે સામાન્ય માનવીને નડતરરૂપ થાય તે રીતે ફુટપાથ તથા પાર્કિંગ વગેરેને આવરી લેતા તંબુ તાણવામાં આવ્યા છે અને આ બધુ શહેરના દબાણતંત્રની નજર સમક્ષ થઈરહ્યું છે. છતાં છાશવારે લારી ગલ્લાં-પાથરણાં વાળાઓ પર તુટી પડતું દબાણ તંત્ર અગમ્ય કારણોસર આંખો બંધ કરીને બેસી ગયું છે. શહેરના સેકટર-૨૧થી માંડીને અનેક સેકટરમાં આ પ્રકારના દબાણો ખુલ્લેઆમ જોવા મળી રહ્યા હોવા છતાં જયારે આ બાબતે કેટલાંક પત્રકારો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે પહેલાં તો કોઈ દબાણ થયું હોવાનો ઈન્કાર કરી દધો અને પછી તમે 'લોકેશન' આપો હું તપાસ કરાવી લઈશ જેવા અધ્ધરતાલ જવાબ આપી દેવામાં આવ્યા હતા. સત્તાધીશોની પણ ચૂપકિદી આ બાબતે ગર્ભિત સૂચિતાર્થો સૂચવે છે અને તેની આડમાં માલેતુજાર વેપારીઓ તંત્રની જાણે જાહેરમાં ઠેકડી ઉડાવતા હોય તેમ મ્હાલે છે.

## કોલવડા બોરકુવા પરથી ચાર શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે બોરકુવા પર જુગાર રમતા ચાર શકુનીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન કુલ રૂ.૩૧,૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો બપોરના સમયે પેટ્રોલીંગમાં હતા. તે સમયે બાતમી મળી હતી કે કોલવડા ગામના બળીયાદેવ મંદિર પાછળ જગદીશબાઈ પટેલના બોરકુવા પર જુગાર રમાય છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા કોલવડા ગામના વિક્રમસિંહ શંકરસિંહ વાઘેલા (ઉં.૫૭ રહે.કન્યા શાળાની સામે), ગંભીરસિંહ અમરસિંહ ગઢવી (ઉં.૬૦ રહે.પટેલ ભાગોળ), જગદીશભાઈ જયંતિભાઈ પટેલ (ઉં.૪૨, રહે. પટેલ ભાગોળ), પૃથ્વીસિંહ હિંમતસિંહ વાઘેલા (ઉં.૬૭ રહે.મહાદેવ વાસ) પકડાઈ ગયા હતા. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૩૧,૨૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# સાવચેતી અને સલામતી સાથે દિવાળી ઉજવવા શહેર વસાહત મહાસંઘનો અનુરોધ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા અને મહામંત્રી રાજેન્દ્રભાઇ પારેખે અખબારી યાદીમાં જણાવ્યું છે કે શહેરીજનો દિવાળીના પર્વને સાવચેતી અને સલામતી સાથે ઉજવે તેમજ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરના નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું છે કે આગામી દિવાળીના તહેવારોને ધ્યાને રાખીને હાલ કોરોનાની મહામારીને કારણે તહેવારો સાદગીથી ઉજવણી કરવી જોઈએ અને નાગરિકોએ બહુ ભીડભાડમાં જવાનું ટાળવું જોઈએ. શક્ય હોય તો કોવિડ-૧૯ના દર્દીઓ જે ભોગ બનેલા હોય તેવા બીમાર દર્દીને તકલીફો પડે નહિ તેનું ધ્યાન રાખવું જેથી આજુબાજુ પડોશીઓમાં આવા લક્ષણો કેસો બનેલા હોય તો દિવાળીના ફટાકડા ફોડવાનું ટાળો અને સરકારના કોવિડ-૧૯ અંગે માર્ગદર્શન નિયમોને ધ્યાને લઈ તેનું પાલન કરવું જરૂરી છે જેથી શહેરમાં પ્રદુષણ થતુ પણ અટકાવી શકાય. દિવાળીમાં શક્ય હોય તો બે દિવસ કે તેથી વધુ લાંબા સમય માટે ફરવા જવાનું હોયતો આજુબાજુ પડોશમાં કે નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવી જેથી તહેવારોની રજાઓમાં થતી ઘરફોડ ચોરીઓ અટકાવી શકાય. આ સાથે વસાહત મહાસંઘ દ્વારા શહેરના દરેક નાગરિકોને દિપાવલી પર્વની અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.



દિવાળી એટલે ઉલ્લાસ-ઉત્સાહ અને ઉમંગ. દિવાળી ઉજવણીનો ઉત્સાહ જ કંઈક અલગ હોય છે. શહેરમાં સફાઈ કાર્ય કરતા સફાઈ કર્મચારીઓ અને તેમના પરિવારો દિવાળીની ઉલ્લાસભેર ઉજવણી કરી શકે તે માટે વોર્ડ નં.૭ના કોર્પોરેટર હિરલબેન જોષી, રાકેશ પટેલ તથા જયરાજસિંહ વાઘેલાએ મીઠાઈ અને ગીફટનું વિતરણ કર્યું હતું. જયરાજસિંહ વાઘેલાએ સર્વે સફાઈ કર્મીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી છે.

# વર્ગ ૪ના કર્મચારીઓનું મેયર દ્વારા મિઠાઇ આપીને અભિવાદન કરાયું

## કોરોના સામે વોરિયર બનેલા સફાઇ, ફાયર, બાગાયતના વર્ગ ૪ના ૧૫૦૦થી વધુ કર્મયોગીઓની સેવાને રીટાબેન પટેલ દ્વારા બિરદાવાઈ

ગાંધીનગર, તા.૧૧

મહાનગર પાલિકા વિસ્તારમાં ફરજ બજાવતા સફાઇ કામદારો, ફાયરબ્રિગેડના કર્મચારીઓ, બાગાયત કર્મચારીઓ અને તંત્રમાં સેવા આપતા વર્ગ ૪ના તમામ કર્મચારીઓને મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા દિવાળીની ભેટ તરીકે શુદ્ધ ઘીની મિઠાઇનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ૧૫૦૦થી વધુ નાના કર્મયોગીઓનું અભિવાદન કરવાની સાથે મેયરશ્રીએ કોરોના કાળમાં અવિરત ફરજ બજાવવા બદલ તેમની સેવાને બિરદાવી હતી. કર્મચારીઓને સંબોધતા મેયરશ્રીએ જણાવ્યુ હતું કે આ કર્મયોગીઓએ જાનના જોખમની પરવા કર્યા વગર સર્વશ્રેષ્ઠ કામગીરી કરીને કોરોનાને રોકવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. મેયરશ્રીએ નવું વર્ષ સુખમય અને આરોગ્યમય નિવડે તેવી દિવાળી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.



મેયરશ્રી દરેક વોર્ડ ઓફિસ પર રૂબરૂ પહોંચ્યા હતાં અને સફાઇ કર્મયોગીઓ સાથે વાતચીત કરવાની સાથે તેમની સાથે સમય વિતાવ્યો હતો, ઉપરાંત તેમની સેવાઓ બદલ દરેકનો આભાર માન્યો હતો. મિઠાઇ વિતરણ કાર્યક્રમમાં તેમની સાથે મહાનગર ભાજપના નવા વરાયેલા પ્રમુખશ્રી ઋચિરભાઇ ભટ્ટ, પૂર્વ પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ પટેલ તથા મહાનગર ભાજપના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતાં.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. મયા શાંતાબેન કેશાજી, ઉ.વ. ૮૪, મોટા ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. રીટાબેન હેમતાજી મારવાડી, ઉ.વ. ૩૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. દીવાબેન ભીખાજી સોલંકી, ઉ.વ. ૭૫, આલમપુર, તા. ગાંધીનગર
- સ્વ. નાનાલાલ છોટાલાલ પ્રજાપતિ, ઉ.વ. ૮૨, નાંદોલ, તા. દહેગામ
- સ્વ. ચૌધરી બાબુભાઈ મહોતભાઈ, ઉ.વ. ૫૯, ભિમપુરા, તા. માણસા
- સ્વ. ઠાકોર બાલુજી શકરાજી, ઉ.વ. ૫૦, શેરીસા, તા. કલોલ

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. પન્નાબેન ભાલચંદ્ર ભાવસાર, ઉ.વ. ૬૮, સેકટર-૨૪, ગાંધીનગર